# સ્પોર્ટ્સ મેડિસિન નિષ્ણાત

સ્પોર્ટ્સ મેડિસિન એ ભારતમાં ઉભરતું ક્ષેત્ર છે. સ્પોર્ટ્સ મેડિસિન સ્પેશિયાલિસ્ટ ખેલાડીઓ અથવા ઓછીથી વધુ તીવ્રતાની શારીરિક પ્રવૃત્તિઓમાં સામેલ કોઈપણ વ્યક્તિના સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે લોકોને સાજા કરવામાં રૂચિ ધરાવો છો
- તમે રમતગમતનો આનંદ માણો છો
- તમને ટીમમાં કામ કરવું ગમે છે
- સમસ્યાઓ ઉકેલવામાં લોકોની મદદ કરવાનું તમને ગમે છે




ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦,૦૦૦ થી ૨૦,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. એમ.બી.બી.એસ.ની ડિગ્રી પૂર્ણ કરો અને ત્યારબાદ સ્પોર્ટ્સ મેડિસિનમાં એમ.ડી.ની ડિગ્રી મેળવો. **અથવા**

સ્પોર્ટ્સ મેડિસિનમાં પી.જી.ડી.એમ. કરો.

પ્રવેશ માટે, તમારે ઑલ ઈન્ડિયા સ્પોર્ટ્સ મેડિસિન પોસ્ટ ગ્રેજ્યુએટ એન્ટ્રન્સ ટેસ્ટ અથવા પોસ્ટ-ગ્રેજ્યુએશન માટે નીટ-પી.જી. નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટમાં યોગ્યતા પ્રાપ્ત કરવી જોઈએ.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સ્પોર્ટ્સ મેડિસિન સ્પેશિયાલિસ્ટનું અંદાજીત માસિક વેતન **રૂ. ૮૦,૦૦૦ થી ૫,૦૦,૦૦૦*** જેટલું હોય છે. આ રકમ દરેક રમત મુજબ બદલાતી રહે છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Physician_/_Doctor,_Sports_Medicine/Salary

## તમે ક્યાં કામ કરશો?

કાર્યસ્થળ : હોસ્પિટલો, મેડિકલ ક્લિનિક્સ, પુનર્વસન કેન્દ્રો, વ્યાવસાયિક રમત સંસ્થાઓ વગેરે.

ઉદ્યોગસાહસિકતા : તમે તમારી પોતાની સ્વતંત્ર પ્રેક્ટિસ શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ચોક્કસ એથ્લેટિક ટીમ અથવા યુનિવર્સિટી સ્પોર્ટ્સ ટીમ અથવા ફિટનેસ ક્લબ સાથે કામ કરી શકો છો. તમારા કામનો સમય તમે ક્યાં કામ કરો છો તેના પર આધારીત રહેશે. જો તમે કોઈ ટીમ સાથે કામ કરી રહ્યા છો, તો ટીમના કામના કલાકો મુજબ તમારા કામનો સમય નક્કી કરશે. જો તમે યુનિવર્સિટીની ટીમ અથવા ફિટનેસ ક્લબનો ભાગ છો તો તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દિવસમાં ૮ થી ૯ કલાક કામ કરી શકો છો.

★આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઇન્ટર્ન → જુનિયર ફિઝિશિયન → ફિઝિશિયન, જનરલ → સિનિયર ફિઝિશિયન, જનરલ → હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ → મેડિકલ ડિરેક્ટર/સુપ્રિન્ટેન્ડન્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સ્પોર્ટ્સ મેડિસિન ફિઝિશિયન, કન્સલ્ટન્ટ સ્પોર્ટ્સ મેડિસિન, સ્પોર્ટ્સ મેડિસિન ડૉક્ટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ સ્પોર્ટ સાયન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. બી.જે.એમ.સી., અમદાવાદ
૨. પં. ભગવતદયાલ શર્મા પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યુટ ઑફ મેડિકલ સાયન્સ, હરિયાણા
૩. વર્ધમાન મહાવીર મેડિકલ કોલેજ અને સફદરજંગ હોસ્પિટલ, નવી દિલ્હી
૪. પ્રાદેશિક તબીબી વિજ્ઞાન સંસ્થા, મણિપુર
૫. ગવર્મેન્ટ મેડિકલ કૉલેજ, સુરત
૬. ગુરુ નાનક દેવ યુનિવર્સિટી, પંજાબ
૭. ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ, રાજકોટ
૮. બાબા ફરીદ યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સ, ફરીદકોટ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. શ્રી રામચંદ્ર મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ, ચેન્નાઈ
૨. હમદર્દ ઇન્સ્ટિટ્યુટ ઑફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, નવી દિલ્હી
૩. મણિપાલ કોલેજ ઓફ હેલ્થ પ્રોફેશન્સ, મણિપાલ
૪. જેમ્સ (જી.એમ.ઈ.આર.એસ.) મેડિકલ કૉલેજ, વલસાડ
૫. એ.ડબલ્યુ.એચ. સ્પેશિયલ કોલેજ, કાલિકટ
૬. એમિટી ઇન્સ્ટિટ્યુટ ઓફ ફિઝિયોથેરાપી, નોઈડા
૭. સી.વી.એમ. યુનિવર્સિટી, આણંદ
૮. ચિત્કારા સ્કૂલ ઓફ હેલ્થ સાયન્સ, ઝાંસલા, પંજાબ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો:**

- આઈ.સી.સી. સાયમન ટૉફેલ દ્વારા ડિઝાઈન કરાયેલ ઑનલાઇન અમ્પાયરિંગ કોર્સ ઉપલબ્ધ કરાવે છે: https://www.iccacademy.com/education-level/2
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

લેફ્ટનન્ટ જનરલ એસ.એ. ક્રુઝ, વી.એસ.એમ., જેઓ જુલાઈ, ૨૦૨૨માં અવસાન પામ્યા, તેમને ભારતમાં સ્પોર્ટ્સ મેડિસિનના અગ્રણીઓ પૈકીના એક ગણવામાં આવે છે. આર્મીના સ્પોર્ટ્સ મેડિકલ સેન્ટર માટે અત્યાધુનિક સ્પોર્ટ્સ મેડિસિન અને માનવ પ્રદર્શન મૂલ્યાંકન લેબની સ્થાપનામાં અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એસ.એ.આઈ.) માટે સમાન લેબની સ્થાપના કરવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. દેશમાં રમતગમત ક્ષેત્રમાં તેમની સેવા માટે, તેમને મહારાષ્ટ્ર સરકાર દ્વારા શિવછત્રપતિ એવોર્ડ અને સિમ્બાયોસિસ ઇન્ટરનેશનલ યુનિવર્સિટી દ્વારા ક્રિડાભૂષણ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.*

સ્રોત : https://indianexpress.com/article/cities/pune/lt-gen-s-a-cruze-an-early-pioneer-of-sports-medicine-in-india-dies-8016001/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.